DATE: / /

PAGE NO:

PAPERCLASS
Shine your Future...

નામ :- સોઢા સમંદરસિંહ હિન્દુસિંહ

વિષય :- બેન્કિંગ એન્ડ ફાઇનાન્સ

પેપર કોડ :- MJ BAF-101

રોલ નં :- 166

PNR નં :- COL2025166

sem :- 1

કોલેજ :- આર આર લાલન કોલેજ ભુજ

મેજર વિષય :- અર્થશાસ્ત્ર

સીતા સમરસિંહ કોલેજ
S.M.Patel

DATE: 1-1-1?
PAGE NO: 22

પ્ર=૨ વિશિષ્ટ પ્રકારના ગ્રાહકો વિશે વિસ્તૃત નોંધ લખો.

~~1. નાના ગ્રાહકો કોણ છે?~~

1. નાના ગ્રાહકો

- નાના કોણ છે.
  - ભારતમાં 18 વર્ષથી નાની ઉંમરની વ્યક્તિને કાયદા હેઠળ નાબા કહેવામાં આવે છે.
  [Indian Majority Act 1875 અને Indian contract Act, 1872 ની કલમ 11 પ્રમાણે]
  - નાના વ્યક્તિ પોતાના નામે કરાર કરી શકતાં નથી, એટલે બેન્ક ખાતું પણ પોતાના નામે એકલા ચલાવી શકતા નથી.

- નાનાનું બેન્ક ખાતું કેવી રીતે ખોલાય?
  - ખાતું નાનાના નામે ખોલાય પરંતુ તેના માતા-પિતા કે કોઈ દ્વારા નિમાયેલ ગાર્ડિયનની સાથે ખોલવું પડે.
  - ખાતાનું નામ લખાય આ રીતે:
  - માસ્ટર રાહુલ શાહ દ્વારા ગાર્ડિયન શ્રીમતી પ્રવિતીબેન શાહ
  - અથવા મિસ દિપ્તી પટેલ [Minor] by Father & Natural Guardian Shri Maheshbhai Patel

- 18 વર્ષ પૂરા થાય ત્યારે શું થાય?
  - જ્યારે નાની વ્યક્તિ 18 વર્ષની થાય છે:
  - બેન્ક તેને પત્ર લખી છે કે હવે તમે પુખ્ત થયા છો નવું ફોર્મ ભરો
  - નવી સહી આપવી પડે
  - જૂનું ખાતું બંધ કરીને નવું ખાતું ખોલવામાં આવે અથવા જૂનું ખાતું જ પુખ્ત ખાતામાં ફેરવાય.
  - હવે ગાર્ડિયનની જરૂર નથી, બધું પોતે ચલાવી શકે.

સોઢા સમંદરસિંહ શેશ
S.H.Sodha



- મહત્વના નિયમો
• નાના પોતે લોન લઇ શકતા નથી.
• નાના બાળકને લોન આપવાની ગેરંટી આપી શકતા નથી.
• નાના નોમિની તો બની શકે છે, પણ પૈસા 18 વર્ષ પછી જ મળે.
• આ રીતે બેન્કો નાના ગ્રાહકોના હિતોનું રક્ષણ કરે છે અને કાયદાનું પણ પાલન કરે છે.

## 2. અભણ ગ્રાહકો

- અભણ વ્યક્તિ કોણ છે?
• જે વ્યક્તિ વાંચી-લખી શકતા નથી અને પોતાનું નામ પણ લખી શકતા નથી, તેને બેન્કમાં "Illiterate Person" કહેવામાં આવે છે. આવી વ્યક્તિ સહી કરવાને બદલે આંગળીનો ટીપો આપે છે.

- આંગળીના ટીપાના નિયમો [RBI અને બેન્કોના નિયમ પ્રમાણે]
• પુરુષ - ડાબા હાથનો અંગૂઠો
• સ્ત્રી - જમણા હાથનો અંગૂઠો
• ટીપું લીધા પછી બેન્ક કર્મચારી લખે છે.

- ખાતું ખોલવાની પ્રક્રિયા
• ફોટો જરૂરી [ખાતું ખોલવાના ફોર્મ પર અને ડકવ્યેઠ પર]
• ઓછામાં ઓછા 2 સાક્ષીઓ જરૂરી જે લખતા-વાંચતા હોય
• વાર્ષિક KYC પણ કરાવી શકાય [હવે પછી બેન્કોમાં ફરજીયાત છે]

## 3. અંધ ગ્રાહક

• અભણ વ્યક્તિથી બિલકુલ અલગ-અંધ વ્યક્તિને બેન્કમાં સંપૂર્ણ સ્વતંત્ર ગ્રાહક માનવામાં આવે છે, કારણકે:
• તે વાંચી-લખી શકે છે
• તે કાયદા હેઠળ તેની ક્ષમતા ધરાવે છે.
• તે સહી કરી શકે છે.

સીતા સમંદર સિંહ ચૌહાણ
S.H.Sathia



• RBI ની સ્પષ્ટ સૂચના છે: "અંધ વ્યક્તિઓ સ્વતંત્ર રીતે બેંક
4 ખાતા ખોલવા અને ચલાવવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે.

- ખાતું ખોલવાની પ્રક્રિયા
• સામાન્ય ગ્રાહક જેવું જ ફોર્મ ભરાય છે.
• સહી પોતે જ કરે છે.
• ફોટો અને KYC નોર્મલ
• જો વ્યક્તિ બ્રેઇલમાં લખી-વાંચી શકતી હોય તો બ્રેઇલ ફોર્મ પણ આપવામાં આવે છે.

* ઉદાહરણ = 28 વર્ષના વિજયભાઈ IT પ્રોફેશનલ છે, જન્મથી અંધ છે. તેઓ HDFC બેન્કમાં સેલરી ખાતું ખોલાવે છે. – પોતે જ સહી કરે છે. ચેકબુક લે છે. નેટ બેન્કિંગ ચાલુ કરે છે. – બેન્ક તેમને સ્ક્રીન રીડર સાથે કામ કરતું નેટ બેન્કિંગ આપે છે. – ડેબિટ કાર્ડ પર બ્રેઇલમાં લખેલું હોય છે.

* ઉદાહરણ = 55 વર્ષના શાંતાબેન [અંધ મહિલા] SBI માં FD કરાવે છે. – પોતે જ સહી કરે છે – તેમની પાસબુક બ્રેઇલમાં છપાવી આપવામાં આવે છે. [SBI ની વિશેષ સુવિધા] – વ્યાજના પૈસા તેમના ખાતામાં આવે છે. તેઓ ટોકિંગ ATM થી ઉપાડે છે.

## ૫. પરણિત મહિલા ગ્રાહક

આજે પરણિત મહિલા 100% સ્વતંત્ર ગ્રાહક છે. તે પોતાના નામે ખાતું ખોલી શકે, ચલાવી શકે, લોન લઈ શકે, લોકર લઈ શકે– ~~લોન લઈ શકે~~, બધું જ પતિની પરવાનગી કે સહીની જરૂર નથી.

- ખાતું કેવી રીતે લખાય છે?

આજે 99% મહિલાઓ પોતાના નામે જ ખાતું ખોલાવે છે.

| ખાતાનું નામ લખવાની રીત | ઉદાહરણ | ક્યારે વપરાય છે |
| --- | --- | --- |
| માત્ર પોતાના નામે | Smt. Priyanka R. Shah | સૌથી વધુ વપરાતું |
| પતિના નામ સાથે | Smt. Priyanka w/o Rajeshbhai Shah | ગામડે કે જૂની મહિલાઓ પસંદ કરે |
| મંગળસૂત્ર નામ | Smt. Priyanka Rajeshkumar | ગુજરાત-રાજસ્થાનમાં લોકપ્રિય |

~~5. પાગલ / માનસિક રીતે અસ્વસ્થ ગ્રાહક~~

- ઉદાહરણ 1 - હાઉસવાઇફ 32 વર્ષની નેહાબેન ઘરે જ છે, પતિ વિદેશમ છે. તેમણે SBIમાં 50 લાખનું હોમ લોન લીધું છે - ખાતું નામ: Smt Neha K. Patel - લોન પોતાના નામે, પતિની સહીની જરૂર નહીં - મહિને EMI પોતે જ ભરે છે.

- ઉદાહરણ 2 - બિઝનેસ વુમન રેખાબેન પોતાનો બ્યુટી પાર્લર ચલાવે છે. HDFCમાં કરંટ ખાતું + 20 લાખ ઓવરડ્રાફ્ટ લીધું છે. - ખાતું નામ: Rekhaben M. Desai - ચેકબુક, નેટ બેન્કિંગ, ક્રેડિટ કાર્ડ - બધું પોતાના નામે

## 5. પાગલ / માનસિક રીતે અસ્વસ્થ ગ્રાહક

• [ગુજરાતીમાં - સરળ અને સંપૂર્ણ સમજૂતી + ઉદાહરણો]

1 - કાયદાકીય સ્થિતિ

• ભારતીય કરાર કાયદો [Indian contract Act 1872 - કલમ 11&12] કહે છે: જે વ્યક્તિ માનસિક રીતે સ્વસ્થ નથી અને વસ્તુની સમજ નથી, તે કરાર કરી શકતો નથી. - એટલે તેનું બેન્ક ખાતું એકલું ચલાવી શકાય નહીં અને નવું ખાતું પણ ખોલી શકાય નહીં

2. બેન્કને જાણ થાય તો શું થાય

• જો બેન્કને ખબર પડે કે ગ્રાહક માનસિક રીતે અસ્વસ્થ છે, તો બેન્ક તરત જ ખાતું ફ્રીઝ કરી દે છે - ન તો જમા ન તો ઉપાડ.

## 6. જોઇન્ટ ખાતું અને તેના ધારકો

• જોઇન્ટ ખાતું શું છે?

એક જ ખાતું જેમાં 2 કે તેથી વધુ વ્યક્તિઓનું નામ હોય અને તેઓ બધા માલિક હોય સૌથી વધુ

સોઢા સમંદરસિંહ શેર
S.M.Sodha



પતિ-પત્ની, માતા-પિતા-દીકરી, ભાઈ-ભાઈ, બિઝનેસ પાર્ટનર વચ્ચે થાય છે.

- જોઈન્ટ ખાતાના ૪ મુખ્ય પ્રકાર

1. Either or survivor - સૌથી વધુ પ્રચલિત
બંનેમાંથી કોઈ એક પણ ચલાવી શકે.
બાકીની વ્યક્તિને આખું ખાતું મળી જાય છે.

2. Anyone or survivor - બધા કે એક પણ
બધા કે એક પણ ચલાવી શકે
બાકી રહેલા સર્વાઈવરને મળે

3. Jointly operected - બધાએ સાથે મળીને
બધાની સહી જરૂરી
મૃત્યુ પછી પણ બધાની સહી જરૂરી રહે

4. Former or survivor - પહેલા વ્યક્તિ મુખ્ય
માત્ર પહેલી વ્યક્તિ ચલાવે, બીજી નહીં.
પહેલી વ્યક્તિ મરે તો બીજાને મળે

- ઉદાહરણ

1. પતિ-પત્ની - કોઈ એક મરી જાય તો બીજાને તરત પૈસા મળે
2. માતા[75 વર્ષ]+દીકરી માતા જીવે ત્યાં સુધી એકલા ચલાવે, પછી દીકરી
3. બે ભાઈઓનો બિઝનેસ બંનેની સહી વગર કોઈ એક ન નીકળે
4. દીકરી+પિતા દીકરી પરદેશમાં હોય તો પિતા ચલાવી શકે

સોઢા સમંદરસિંહ રાણા
S.H.Sodha

DATE: / /
PAGE NO: 17

# 7. પાર્ટનરશીપ ફર્મ ગ્રાહક

## 1. પાર્ટનરશીપ ફર્મ શું છે?

જો કે તેથી વધુ વ્યક્તિઓએ મળીને બિઝનેસ ચલાવવા માટે બનાવેલી સંસ્થા ભારતમાં આ Indian Partnership Act, 1932 હેઠળ ચાલે છે.

## 2. બેંકમાં ખાતું કેવી રીતે ખોલાય?

ખાતાનું નામ લખાય છે.

| | ઉદાહરણ |
|---|---|
| ફર્મના નામે | M/S Shreeji Traders |
| | M/S. Patel Brothers |

અથવા [M/S = Messers = પાર્ટનરશીપ ફર્મનું બ્રાઈ]

- ખાતું ખોલવા માટે જરૂરી દસ્તાવેજ

| દસ્તાવેજ | નોંધ |
|---|---|
| પાર્ટનરશીપ ડીડ | નોટરી કરાવેલી હોવી જોઈએ |
| ફર્મનું PAN કાર્ડ | ફર્મના નામે જ હોવું જોઈએ |
| GST સર્ટિફિકેટ | |
| Shop Act/MSME/Udyam રજીસ્ટ્રેશન | |
| બધા પાર્ટનરનું KYC | |
| Authority Letter | કોણ ખાતું ચલાવશે તે લખેલું હોવું |
| ફર્મની રજીસ્ટર્ડ ઓફિસનો પુરાવો | લાઈટબિલ/રેન્ટ એગ્રીમેન્ટ |

# 8. હિન્દુ અવિભાજિત કુટુંબ ગ્રાહક

- HUF શું છે?
  - હિન્દુ, જૈન, શીખ અને બૌદ્ધ કુટુંબ માટે જ છે
  - એક અલગ કાનૂની વ્યક્તિ માનવામાં આવે છે.
  - આમાં પૈતૃક મિલકત + કુટુંબની કમાણીનો ઉમેરો થાય છે.
  - ટેક્સ રિટર્ન અલગ ભરાય છે. PAN અલગ હોય છે.

ખાતાનું નામ લખાય છે.

| | ઉદાહરણ |
|---|---|
| કર્તા [સૌથી મોટા પુરુષનું નામ + (HUF)] | Shri Rameshbhai M. Patel |
| | Rameshbhai M. Patel Hindu Undivided |

સોઢા સમંદરસિંહ એચ
S.H.Sodha



- ખાતું ખોલવા માટે જરૂરી દસ્તાવેજ [ફરજિયાત]

| દસ્તાવેજ | નોંધ |
| --- | --- |
| HUF નું Pan કાર્ડ | HUF ના નામે જ હોવું જોઈએ |
| HUF ડીડ | નોટરી કરેલી અથવા સ્ટેમ્પ પેપર પર |
| કર્તાનું KYC | |
| બધા કોપાર્સનર્સની લિસ્ટ + સહમતી પત્ર | [કર્તા, પત્ની, દીકરા-દીકરીઓ, પૌત્ર-પૌત્રી] |
| કર્તાની ઘોષણા | કે તે કર્તા છે અને કુટુંબ અવિભાજિત છે. |
| બેંકનું પોતાનું HUF ફોર્મ | SBI, HDFC, ICICI AXIS બધા બેંકોમાં છે. |